એપ્રિલ-૨૦૧૬, અંક નં. ૮ ઈ-ન્યુઝલેટર

# સ્માર્ટ રાજકોટ

## આ અંકની હાઈલાઈટસ

- રાજકોટની ચિત્રનગરી "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" સીરિયલમાં ચમકી.
- મલ્ટી એક્ટીવીટી સેન્ટર (ફોર વીમેન) તથા સિટી સર્વેલન્સ તેમજ સિટી બસ, બીઆરટીએસ બસ સેવાના કંટ્રોલ રૂમનું લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

### ઝુંપડપટ્ટીઓમાં રહેતા લોકોનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થશે

# રાજકોટ મહાપાલિકાની ચાર આવાસ યોજનાને કેન્દ્ર સરકારશ્રીની મંજુરી

**કુલ આશરે રૂા. ૨૫૭ કરોડનો ખર્ચ ધરાવતી આ ચારેય હાઉસીંગ યોજનાઓ હેઠળ કુલ ૩૬૦૦ આવાસોનું નિર્માણ કરવામાં આવશે.**

રાજકોટ મહાનગરપાલિકાએ શહેરની સરકારી જમીન પર બની ચૂકેલી ઝુંપડપટ્ટીઓમાં રહેતા ગરીબ લોકોને નવી આવાસ યોજનામાં ઘરનું ઘર મળી રહે તે માટે તૈયાર કરેલ વિવિધ ચાર હાઉસીંગ પ્રોજેક્ટને કેન્દ્ર સરકારશ્રીની મંજુરી પ્રાપ્ત થઈ જતા આગામી ટૂંક સમયમાં જ આ આવાસ યોજનાઓના ટેન્ડર માટેની પ્રક્રિયા હાજ ધરાશે. રાજકોટ મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ અમે જણાવ્યું હતું કે, કુલ આશરે રૂા. ૨૫૭ કરોડનો ખર્ચ ધરાવતી આ ચારેય હાઉસીંગ યોજનાઓ હેઠળ કુલ ૩૬૦૦ આવાસોનું નિર્માણ કરવામાં આવશે. સાથો સાથ, કમિશનરશ્રીએ એક એવી મહત્વની વાત પણ કરી કે, આ આવાસ યોજનાઓ સંપૂર્ણપણે સરકારશ્રી પાસેથી પ્રાપ્ત થનાર આર્થિક સહયોગમાંથી સાકાર થશે. મહાનગરપાલિકાએ કશો ખર્ચ કરવાનો થશે નહી. પ્રત્યેક આવાસ દીઠ રાજ્ય સરકારશ્રી દ્વારા રૂા. ૪ લાખ અને કેન્દ્ર સરકારશ્રી દ્વારા રૂા. ૧.૫ લાખની સહાય આપવામાં આવશે. જયારે લાભાર્થી પાસેથી માત્ર રૂા. ૧ લાખ સુધીનો ફાળો લેવાનો થાય છે. તાજેતરમાં જ કેન્દ્રમાં મિનિસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ પોવર્ટી એલીવીએશનની "સેન્ટ્રલ સેન્કશનીંગ એન્ડ મોનિટરિંગ કમિટી" (સી.એસ.એમ.સી.) દ્વારા રાજકોટ મહાનગરપાલિકાએ સબમિટ કરેલા કુલ ચાર હાઉસીંગ પ્રોજેકટને મંજુરી આપી દીધી છે. અત્રે એ પણ નોંધવું રહયું કે, રાજકોટ મહાનગરપાલિકાએ સ્માર્ટ સિટી મિશન હેઠળ શહેરને ઝુંપડપટ્ટીથી મુકત કરવાનો એક લક્ષ્યાંક નિર્ધારિત કરેલ છે. ઉપરોકત ચાર આવાસ યોજનાઓ આગળ ધપતા હવે "ઝુંપડપટ્ટીથી મુકત રાજકોટ"ના ઉદેશની દિશામાં મહાપાલિકાનું તંત્ર નોંધપાત્ર કૂચ કરી શકશે. દરમ્યાન ભારતનગર, સીતારામ--નગર અને હિંગળાજનગર સ્લમ વિસ્તારને ધોરણે પુનઃવસન કરવા માટેના પણ સરકારશ્રીમાં મંજુર થયેલ છે. આ સ્લમના રી-લોકેશન માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રાજય સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂા. ૧ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂા. ૧ લાખની સહાય આપવામાં આવશે. આમ યોજના અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા ને રાજય સરકારશ્રી દ્વારા ૯૩૫ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા ૯૩૫ લાખ એમ કુલ ૧૮૭૦ લાખની સહાય આપવાનું મંજૂર કરવામાં આવેલ છે તેની સંક્ષિપ્ત વિગત આ મુજબ છે.



# A અનટેનેબલ સ્લમ્સ :-

રાજકોટ શહેરની વધતી જતી વસ્તી તથા શહેરી વિસ્તારોમાં મળતી રોજગારીની વધુ તકો ને કારણે ગ્રામ્ય વિસ્તારો તથા અન્ય રાજ્યોમાંથી આવતા લોકો પૈકી ગરીબ વર્ગના લોકો ઝુપડપટ્ટીમાં વસવાટ કરતા હોઇ શહેરમાં સ્લમ વિસ્તારોનું નિર્માણ થાય છે તેમજ આવા સ્લમ વિસ્તારો મોટા ભાટે સરકારી ખુલ્લી જમીન પર તેમજ નદી, વોકળા વિગેરેને કાંઠે નિર્માણ થતા હોય છે. આ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા તા. ૧૫-૦૨-૨૦૧૬ થી અનટેનેબલ સ્લમ્સ માટે નીતિ જાહેર કરવામાં આવેલ છે અને તે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સૌ પ્રથમ આ નીતિ અંતર્ગત કુલ ૬ સ્લમ વિસ્તારો માટે રજુ સરકારશ્રીમાં મંજુર કરાવવામાં આવેલ છે. અનટેનેબલ સ્લમના રી-લોકેશન માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂા. ૪ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂા. ૧.૫ લાખની સહાય આપવામાં આવશે. જ્યારે લાભાર્થી પાસેથી રૂા. ૧ લાખ સુધીનો ફાળો લેવાનો થાય છે.

આ નીતિ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની કુલ ૪ પ્રોજેક્ટ ને મંજુરી મળેલ છે.

## 1 લલુડી વોકળી, રામનાથપરા, ભવાનીનગર અને નવયુગપરા

રાજકોટ શહેરમાં વોર્ડ નં. ૧૫ માં આવેલી લલુડી વોકળી, રામનાથપરા, ભવાનીનગર અને નવયુગપરા સ્લમ વિસ્તારના પુનઃવસન માટે સરકારશ્રીમાં મંજુર કરાવવામાં આવેલ છે. જે પૈકી રામનાથપરા, ભવાનીનગર અને નવયુગપરા સ્લમ વિસ્તાર આજી નદીના કાંઠે આવેલ હોય આજી રીવલ ફ્રન્ટ યોજના હેઠળ આ સ્લમને પુનઃવસન કરવાના થાય છે. લલુડી વોકળી સ્લમ વિસ્તાર કેનાલ રોડ પાસે, વોકળાની કાંઠે આવેલ છે. જે રાજકોટ મહાનગર- -પાલિકાની માટે આરક્ષિત જમીન ઉપર વસેલ છે. સ્લમ ફ્રી સિટી પ્લાન હેઠળ આ સ્લમ વિસ્તારનો સમાવેશ કરેલ છે. ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ લલુડી વોકળી, રામનાથપરા, ભવાનીનગર અને નવયુગપરા વિસ્તારના સ્લમની વિગત નીચે મુજબ છે.

- ટી.પી. સ્કીમ નં. ૬, એફ.પી. નં. ૬૦
- ટી.પી. સ્કીમ પ્રમાણે જમીનનો હેતુ :
- પ્લોટ પર સ્લમ એરિયાનું ક્ષેત્રફળ : ૪૫,૫૦૦ ચો.મી.
- કુલ સ્લમ વસવાટ : લલુડી વોકળી ૫૦૫ મકાનો, રામનાથપરા ૧૭૫ મકાનો, ભવાનીનગર ૩૭૦ મકાનો અને નવયુગપરા ૧૪૪ મકાનો.

આ ચારેલ સ્લમ વિસ્તારોને આવરી લઇ પ્રધાનમંત્રી આવાસ યોજના (અનટેનેબલ સ્લમ્સ) હેઠળ આ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ સરકારમાં મંજુર થઇ આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૧૨૬૪ આવસો (૩, ૩૦ ચો.મી. કારપેટ એરીયા), એક કોમ્યુનીટી હોલ, ૨ આંગણવાડી, હેલ્થ સેન્ટર અને ૨ જગ્યાએ શોપિંગ સેન્ટર સહિતનું નિર્માણ કરવામાં આવશે. આવાસ યોજના માટે ૬૮.૯૯ કરોડનો ખર્ચ અપેક્ષિત છે. જ્યારે રસ્તા, પાણી વ્યવસ્થા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટ, કમ્પાઉન્ડ વોલ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ માટે રૂા. ૧૨.૩૩ કરોડનો ખર્ચ તેમજ કોમ્યુનિટી હોલ, આંગણવાડી, હેલ્થ સેન્ટર, શોપિંગ સેન્ટર, પાર્કસ માટે રૂા. ૧.૨૯ કરોડનો ખર્ચ અપેક્ષિત છે. તેથી કુલ પ્રોજેક્ટ કોસ્ટમાં કન્ટીજન્સી, પ્રીપેરેશન અને સેટઅપ ઉમેરતા રૂા. ૮૭.૧૬ કરોડ થવા જાય છે.

## 2 સાગરનગર અને બેટ દ્વારકા

રાજકોટ શહેરમાં વોર્ડ નં. ૧૭માં પ્રદ્યુમન પાર્ક ઝૂ પાસે સાગરનગર અને બેટ દ્વારકા સ્લમ વિસ્તારના પુનઃવસન માટે સરકારશ્રીમાં મંજુર થયેલ છે.

આ બંને સ્લમ વિસ્તાર રાંદરડા તળાવના કાંઠે આવેલ છે. ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ સાગરનગર અને બેટ દ્વારકા વિસ્તારના સ્લમની વિગત નીચે મુજબ છે.

- રેવન્યુ સર્વે નં. ૭૯, ૧૪૨, ૧૪૩
- સીટી સર્વે નં. ૪૯૪૬, ૪૯૪૭, ૪૯૫૦, ૪૪૮૪+૪૪૮૯, ૪૪૮૬
- સ્લમ વસવાટ : ૫૪૪ મકાનો
- રીલોકેટ કરવાનું સ્થળ ટી.પી. સ્કીમ નં. ૧૪, સર્વે નં. ૭૧, એફપી.નં. ૩

આ સ્લમ વિસ્તાર તળાવની કાંઠે આવેલ હોય અને અનટેનેબલ હોઇ, ઇનસીટુ પ્રકારની યોજના હાથ ધરવી શકય ન હોય પ્રધાનમંત્રી આવાસ યોજના (અનટેનેબલ સ્લમ્સ) હેઠળ સ્કીમ નં. ૧૪, સર્વે નં. ૭૧, એફ.પી. નં. ૩/ ઉપર રીલોકેટ કરવા માટે આ પ્રોજેક્ટ હાથ ધરવા નિર્ણય લેવામાં આવેલ છે.

આ જમીન દ્વારા ફાજલ થયેલી હોઇ, કલેકટરશ્રી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૫૪૪ (૩૦ ચો.મી. કારપેટ એરીયા) આવાસો, એક કોમ્યુનિટી હોલ, ૨ આંગણવાડી, હેલ્થ સેન્ટર અને ૨ જગ્યાએ શોપિંગ સેન્ટર સહિતનું નિર્માણ કરવામાં આવશે.

આવાસ યોજના માટે ૩૧.૫૬ કરોડનો ખર્ચ અપેક્ષિત છે. જ્યારે રસ્તા, પાણી વ્યવસ્થા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટ, કમ્પાઉન્ડ વોલ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ માટે રૂા. ૩.૦૧ કરોડનો ખર્ચ તેમજ કોમ્યુનિટી હોલ, આંગણવાડી, હેલ્થ સેન્ટર, શોપિંગ સેન્ટર, પાર્કસ માટે રૂા. ૫૬ લાખનો ખર્ચ અપેક્ષિત છે. તેથી કુલ પ્રોજેક્ટ કોસ્ટમાં કન્ટીજન્સી, પ્રીપેરેશન અને સેટઅપ ઉમેરતા રૂા. ૩૭.૦૭ કરોડ થવા જાય છે.

## 3 અનટેનેબલ સ્લમ્સ (સ્માર્ટ ઘર-૨)

શહેરના આજી નદીના કાંઠે આવેલ જુદા-જુદા સ્લમ તેમજ શહેરના અન્ય અનટેનેબલ વિસ્તારોમાં ઇનસીટુ પ્રકારની યોજના હાથ ધરવી શકય ન હોય પ્રધાનમંત્રી આવાસ યોજના (અનટેનેબલ સ્લમ્સ) હેઠળ ટી.પી. સ્કીમ નં. ૨૮, એફ.પી. નં. ૧૨ અને મવડી ટી.પી. સ્કીમ નં. ૨૮ના એફ.પી. નં. ૪૯ પર સમાવિષ્ટ કરવાના થાય છે. તેમજ વધતી જગ્યા પર શોપિંગ સેન્ટરનું નિર્માણ કરીને તેની દુકાનોના વેચાણમાંથી આ અન્વયે થનાર ખર્ચની આંશિક પુનઃપ્રાપ્તી થઇ શકે છે. આ યોજના અંતર્ગત મવડી ટી.પી. સ્કીમ નં. ૨૮, એફ.પી. નં. ૧૨ના રીઝર્વેશન પર પ્રકારના (૧-૩૦ ચો.મી. કારપેટ એરીયા) હાઇરાઇઝ બિલ્ડીંગ (+૭) બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પ્લોટ એરિયાનું ક્ષેત્રફળ ૧૭૫૯૩ ચો.મી. છે. જેમાં ૧૧૭૬ આવાસો અને ૩૪ દુકાનો બનાવવાનું આયોજન છે. આ અન્વયે કુલ રૂા. ૮૬૫૬.૯૩ લાખનો ખર્ચ અપેક્ષિત છે.

## 4 અનટેનેબલ સ્લમ્સ (સ્માર્ટ ઘર-૩)

આ યોજના અંતર્ગત પી.પી.પી. ભારતનગર ૭/બી અંતર્ગત ડેવલપર દ્વારા ખાલી કરીને રાજકોટ મહાનગરપાલિકાને પરત કરેલ મવડી ટી.પી. સ્કીમ નં. ૨૮ ના એફ.પી. નં. ૪૯ના રીઝર્વેશન પ્લોટ પર પ્રકારના (૧-૩૦ ચો.મી. કારપેટ એરીયા) હાઇરાઇઝ બિલ્ડીંગ (+૭) બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પ્લોટ એરીયાનું ક્ષેત્રફળ ૧૦૦૮૨ ચો.મી. છે. જેમાં ૬૧૬ આવાસો અને ૪૮ દુકાનો બનાવવાનું આયોજન છે. અન્વયે કુલ રૂા. ૪૭૦૭.૫૬ લાખનો ખર્ચ અપેક્ષિત છે.

# B ભારતનગર, સીતારામનગર અને હિંગળાજનગર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા પી.પી.પી. પોલીસી-૨૦૧૩ થી જાહેર કરવામાં આવેલ છે અને તે અન્વયે ભારતનગર, સીતારામનગર અને હિંગળાજનગર સ્લમ વિસ્તારને ધોરણે પુનઃવસન કરવા માટે સરકારશ્રીમાં મંજુર થયેલ છે.

આ સ્લમના રી-લોકેશન માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂા. ૧ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂા. ૧ લાખની સહાય આપવામાં આવશે.

આમ યોજના અંતર્ગત રાજ્ય સરકારશ્રી દ્વારા ૯૩૫ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા ૯૩૫ લાખ એમ કુલ રૂા. ૧૮૭૦ લાખની સહાય રાજકોટ મહાનગરપાલિકાને મંજૂર થયેલ છે.

સ્માર્ટ રાજકોટ
રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. એપ્રીલ-૨૦૧૬




**સીરિયલના પાત્રો તથા ડાયરેકટર શ્રી આસિતકુમાર મોદીએ રાજકોટમાં પોતાના ચિત્રો નિહાળ્યા**

# રાજકોટની ચિત્રનગરી "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" સીરિયલમાં ચમકી

લોકપ્રિય ટીવી સિરીયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'નું તા. ૨૭-૩-૨૦૧૬ના રોજ સવારે રાજકોટમાં શુટીંગ કરવામાં આવ્યું હતું. એકાદ સપ્તાહમાં આ સિરીયલમાં ચિત્રનગરીરૂપે રાજકોટ ને દર્શાવતો ખાસ એપિસોડ પ્રસારિત થશે. નિર્માતા આસિતકુમાર મોદી ઉપરાંત કલાકારો નટુકાકા, બાઘા, સુંદર, અબ્દુલ સહિતનાએ તા. ૨૭-૩-૨૦૧૬ના રોજ રાજકોટની મુલાકાતે આવી ચિત્રનગરી અભિયાન અંતર્ગત ૭૦૦૦ જેટલા અબાદ-વૃધ્ધને એક સાથે વોલ પેઈન્ટિંગ તૈયાર કરતાં નિહાળ્યા હતા. આ દ્રશ્યો તા. ૦૪-૦૪-૨૦૧૬ના રોજ રાત્રે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયલમાં ચમકયા હતાં. ઉપરાંત મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટનાં વડા શ્રી જીતુભાઈ ગોટેચાને સિરીયલ તરફથી સ્વચ્છતા એવોર્ડ પણ સુપરત કરવામાં આવ્યો હતો.

આશિતકુમાર મોદીએ જણાવ્યું હતુ કે, મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ આયોજિત ચિત્ર પ્રોજેકટમાં અમારી સિરીયલના તમામ કલાકારોના ચિત્રોને સ્થાન આપી અમારૂ બહુમાન કરાયું છે. રાજકોટે સ્વચ્છતા અને વોલ પેઈન્ટિંગ બાબતે દેશભરમાં અનોખી પહેલ કરી છે. હવે આજ રીતે વ્યસન મુક્તિ માટે અભિયાન છેડવામાં આવે. ગુજરાતી લોકો ખાસ કરીને યુવાઓમાં પાન-ફાકી-મસાલાનું ખૂબ વ્યસન જોવા મળે છે જે છોડાવવાની પહેલ રાજકોટ કરી શકે.

તેમણે વધુમાં ઉમેર્યુ કે, ઘણાં શહેરો નદી કે દરિયાના કિનારે વસેલા હોય છે પરંતુ રાજકોટ તો ખુશીઓના કિનારે વસેલુ શહેર છે. વોલ પેઈન્ટિંગ્સે શહેરની શોભાને ચારચાંદ લગાવી દીધા છે. ગંદકી દૂર કરવામાં આ પ્રોજેકટ મહત્વનો બની રહેશે.તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયોની આખી ટીમ સ્વચ્છ ભારત મિશનની બ્રાન્ડ એમ્બેસેડર છે અને રાજકોટે સ્વચ્છતાં બાબતે મહત્વનું યોગદાન આપ્યું છે.



સ્માર્ટ રાજકોટ
રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. એપ્રીલ-૨૦૧૬





# મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટનાં વડા શ્રી જીતુભાઇ ગોટેચાને સીરિયલ તરફથી સ્વચ્છતા એવોર્ડ પણ સુપરત કરવામાં આવ્યો







વોલ પેઈન્ટિંગ્સનો પ્રથમ પ્રયોગ દેશમાં રાજકોટે કર્યો છે અને તેમાં જોડાતાં અમે ગર્વ અનુભવીએ છીએ. વધુમાં વહેલી તકે સંપૂર્ણ પારિવારીક ગુજરાતી ફિલ્મ બનાવવાની તેમણે ઇચ્છા વ્યકત કરી હતી.

**આ રીતે મળી અભિયાની પ્રેરણા :-**

મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી જિતેન્દ્રભાઇ ગોટેચાએ જણાવ્યું કે એક વાર જોયું કે શહેરની દિવાલોને વિવિધ જાહેરાતો અને અન્ય લખાણોથી ખરાબ રીતે ચિતરી નાખીને બગાડી નાખવામાં આવતી હતી તે વખતે વિચાર આવ્યો કે શહેરની તમામ દિવાસોને જો આકર્ષક ચિત્રો દોરી સજાવવામાં આવે તો લોકો તેને ખગાડતા પૂર્વે વિચાર જરૂર કરશે અને ખરેખર આવું થયું છે. જ્યાં ચિત્રો તૈયાર થયાં છે ત્યાં દિવાલો કોઇએ બગાડી નથી.

**૨૭ માર્ચ 'કલા દિવસ' તરીકે ઉજવો :-**

આસિતકુમાર મોદીએ જણાવ્યું કે આજે વર્લ્ડ થિએટર ડે છે અને આજના દિવસે રાજકોટમાં હજારો લોકોએ એક સાથે ચિત્રના માધ્યમથી પોતાની કલાની પ્રસ્તુતી કરી હોય દર વર્ષે આજનો દિવસ 'કલા દિવસ' તરીકે ઉજવવો જોઇએ.

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'સિરીયલના દરેક કલાકારોના ચિત્રો રાજકોટની દિવલ પર દોરવામાં આવ્યા છે. તા. ૨૭-૩-૨૦૧૬ના રોજ સિરીયલના કલાકારો ચિત્રો નિહાળવા માટે આવ્યા હતા. પોતાના જ ચિત્રો સાથે કલાકારોએ તસવીરો લીધી હતી. ચિત્રો નિહાળ્યા બાદ આસિતકુમાર મોદીએ જણાવ્યું હતું કે, ચિત્રનગરીનો એક એપિસોડ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયલમાં પણ પ્રસારિત કરાશે.

**મોદી સ્વચ્છતા અભિયાનને ટેકો :-**

આસિતકુમાર મોદીએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઇ મોદીના સ્વચ્છતા અભિયાનને તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયલ દ્વારા ટેકો છે અને તેને સતત આગળ ધપાવવામાં આવશે. રાજકોટ પણ સ્વચ્છ શહેર છે અને લોકો તેની સ્વચ્છતા જાળવી રાખશે તેવી આશા છે.

**ચિત્રનગરી જોવા કયાં કલાકારો આવ્યા :-**

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ના ડાયરેકટર શ્રી આસિતકુમાર

## ટીવી સીરિયલના માધ્યમથી રાજકોટને રાષ્ટ્રવ્યાપી ગૌરવ

# સમગ્ર દેશમાં રાજકોટની ચિત્રનગરીની ચર્ચા

રાજકોટ મહાનગરપાલિકા અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ દ્વારા સંયુકત રીતે હાથ ધરાયેલ ચિત્રનગરી પ્રોજેકટનો પ્રારંભ થયો ત્યારે કદાચ કોઇએ એવી કલ્પના પણ કરી નહી હોય કે આ અભિયાનને જબરદસ્ત સફળતા અને રાષ્ટ્રવ્યાપી પ્રસિદ્ધી અને સન્માન પ્રાપ્ત થશે. જો કે, આ પ્રોજેકટ સાથે સંકળાયેલા મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરા અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટના મેનેજીંગ ડાયરેકટરશ્રી જીતુભાઇ ગોટેચા અને તેઓની ટીમ દ્વારા જે જહેમત ઉઠાવવામાં આવી છે તે ખરા અર્થમાં રંગ લાવી. તાજેતરમાં જ આ પ્રોજેકટ અંતર્ગત શહેરભરમાં વિવિધ સ્થળોએ રોડ સાઇડની દિવાલ પર દોરવામાં આવેલ ચિત્રોની સંખ્યા ૫૦૦૦થી વધી જતા તેની ઉજવણીના પ્રસંગે તારક મહેતા સીરિયલનાં કલાકારો અને ડાયરેકટર રાજકોટમાં ઉપસ્થિત રહયા હતા. રાજકોટનો આ પ્રોજેકટ તારક મહેતા સિરીયલમાં નેશનલ ટીવી પર ચમકતા દેશભરના શહેરો અને ગામડાઓમાં તેની સરાહના થઇ હતી. આ પ્રોજેકટ થકી રાજકોટને રાષ્ટ્રવ્યાપી ગૌરવ અને સન્માન પ્રાપ્ત થયા છે.

મોદી, નટુકાકા, બાઘા અને અબ્દુલ ચિત્રો નિહાળવા માટે રાજકોટ આવ્યા હતા. આ તમામ કલાકારો પોતાના ચિત્રો જોઇને અભિભૂત બની ગયા હતા. તેમજ તારક મહેતા પણ આવ્યા હતા. પોતાના ચહિતા કલાકારોને નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.

### બાલભવનમાં ઓપન ચિત્ર સ્પર્ધા :–

શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં આવેલા બાલભવનમાં તા. ૨૭-૩-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ઓપન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. તેમજ વિજેતાઓને મોડી સાંજે ઇનામ સિરીયલના કલાકારોના હસ્ત આપવામાં આવ્યા હતા.

### ૫ હજાર ચિત્રો પૂરા, બચ્ચને કર્યુ પોતાનું ચિત્ર શેર, શોલેના પાત્રો બન્યા આકર્ષિત :–

મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ દ્વારા રાજકોટ શહેરને ચિત્ર નગરી બનાવવા પ્રોજેકટ હાથ ધરાયો છે. શહેરના માર્ગો પર આવેલી દીવાલો પર ચિત્રો દોરવામાં આવી રહયા છે. જેમાં ૫ હજારથી વધુ ચિત્રો પૂરા થઇ ગયા છે. આથી તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકારો રાજકોટ ચિત્રનગરી નિહાળવા આવ્યા હતા. આ પહેલા પણ અમિતાભ બચ્ચને રાજકોટમાં દોરવામાં આવેલું પોતાનું ચિત્ર ટિવટર પર શેર કર્યુ હતું તેમજ શોલે ફિલ્મના દોરવામાં આવેલા ચિત્રોએ લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું.


















# ભાવનગર રોડ પહોળો કરવા ડિમોલિશન હાથ ધરાયું

રાજકોટના ડીલકસ ચોક થી શરૂ થતો ભાવનગર રોડ આશરે ૧૧૦૦ મી. લંબાઈમાં ૨૪.૦૦ મી. પહોળો કરવા માટે સ્ટેન્ડિંગ કમિટી ઠરશાવ નં. ૧૮૦, તા. ૨૫-૬-૨૦૧૦થી ‘‘લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ’’ તરીક જાહરે કરવાનો ઠરાવ કરવામાં આવેલ. જે અન્વયે જી.પી.એસ.સી. એકટની કલમ ૨૧૦ અંતર્ગત તા. ૫-૧-૨૦૧૬ના રોડ ઈસ્ટ ઝોન ખતે કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને અસરગ્રસ્તોની બેઠક બોલાવેલ જે પરત્વે અત્રેથી જી.પી.એમ.પી. એકટની કલમ-૨૧૨ હેઠળ તા. ૨-૨-૨૦૧૬થી કમિશનરશ્રી દ્વારા નોટિસ આપવામાં આવેલ. તેમજ અસરગ્રસ્તો માલિક/ભાડુઆતો ને કપાતમાં જતી જમીનના બિલ્ટઅપ, એફ.એસ.આઈ., પાર્કિંગ વિગેરે નો લાભ આપવા, રોકડ વળતર અથવા વૈકલ્પિક જમીન આપવા ઠરાવેલ, આમ ભાવનગર રોડ પહોળો કરવાના કામે અસરગ્રસ્તોની મિલ્કતો દૂર કરવાની થતી હતી. જે દબાણો દૂર કરવા માટે રાજકોટ મહાનગર- -પાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા સમય મર્યાદા પૂર્ણ થતાં તા. ૧૬-૩-૨૦૧૬ના રોજ શહેરના ઈસ્ટ ઝોન વિસ્તારના ભાવનગર રોડ પર થયેલ દબાણ દૂર કરવા માટે ડિમોલિશન હાથ ધરવામાં આવેલ. જે અન્વયે કુલ ૨૧૬ બાંધકામો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દૂર કરાયેલ છે. આ ડિમોલિશનમાં ટાઉન પ્લાનીંગ શાખા ઈસ્ટ ઝોનના આસી. ટાઉન પ્લાનર શ્રી એચ. યુ. દોઢિયા, શ્રી આર. ડી. પ્રજાપતિ, કે. જે. ત્રિવેદી, તથા સેન્ટ્રલ ઝોનનાં આસી. ટાઉન પ્લાનર શ્રી કે. કે. મહેતા, વેસ્ટ ઝોનના આસી. ટાઉન પ્લાનર શ્રી પી. ડી. અઢીયા તથા આસી. એન્જીનિયર શ્રી હર્ષદ દોશી, શ્રી વેલજી સિંઘવ, એડીશ્નલ આસી. એન્જીનિયર શ્રી મુકેશ રાઠોડ, શ્રી તુષાર લીંબડીયા, શ્રી ડી. કે. અગ્રાવત, શ્રી અશ્વિન પટેઇ, શ્રી સી. વી. પંડિત, શ્રી એસ. ફે. કડિયા, શ્રી દિલીપ પંડયા, શ્રી આઈ. જી. ઠેબા, શ્રી મનોજ પરમાર, શ્રી અજીત પરમાર, શ્રી મંગાભાઈ લાંબરીયા તથા સર્વેયર શ્રી એ. એન. બામણીયા, શ્રી આર. ડી. પટેલ, શ્રી નીરવ વાણીયા, કે. કે. જોષી, શ્રી હિરપરભાઈ, શ્રી હિરેન ખંભોળીયા તથા વર્ક આસી. શ્રી રવિ ટાંક, શ્રી અભય જોરા વિગેરે સ્થળ પર હાજર રહેલ. આ ઉપરાંત ઈસ્ટ ઝોનની જગ્યા રોકાણ શાખાના આસી. મેનેજર શ્રી દિપેન ડોડીયા તથા બાંધકામ શાખાનાં ડી.ઈ.ઈ. શ્રી એ.ઈ. / એ.એ.ઈ. શ્રી, વર્ક આસી. શ્રી, વગેરે સ્થળ પર હાજર રહેલ. આ ડિમોલિશનની કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિવિલન્સ શાખાના પી.આઈ. શ્રી જાડેજા સાહેબ, એ.એસ.આઈ. શ્રી ચૌહાણ, શ્રીમતિ શિલ્પાબેન તથા શ્રી શંકરભાઈ તેઓના તમામ સ્ટાફ સાથે સ્થળ પર હાજર રહેલ.







# જયુબીલી પમ્પીંગ સ્ટેશન પર કલોરીન ગેસ લીકેજની મોકડ્રીલ



તાજેતરમાં ભાદર પાણી પુરવઠા યોજના અંતર્ગતના સેન્ટ્રલ ઝોનમાં આવેલ જયુબીલી પમ્પીંગ સ્ટેશન પર તા. ૮-૩-૨૦૧૬ના રોજ કલોરીન યુનીટમાં લીકેજ સંદર્ભે મોકડ્રીલ કરવામાં આવતા જયુબીલી પમ્પીંગ સ્ટેશનના ઓપરેટરીંગ સ્ટાફ દ્વારા તાત્કાલીક કેમીસ્ટશ્રી તથા ફાયરબ્રીગેડને જાણ કરતા ના.કા.ઈ. શ્રી કે. પી. દેથરીયાની હાજરીમાં કેમીસ્ટશ્રી કે. એ. મેસ્વાણી તથા એચ. સી. નાગપરા તેમજ સ્ટેશન ઓફીસરશ્રી ઝાહીદખાન સુસુફ અને આર. બી. ભટ્ટીની ફાયરમેનની ટીમ તથા જયુબીલી પમ્પીંગ સ્ટેશનના ઓપરેટીંગ સ્ટાફ દ્વારા લીકેજ બંધ કરી પરીસ્થિતી કાબુમાં મેળવેલ. સમગ્ર ઘટના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી વી. સી. રાજયગુરૂ તથા ચીફ ફાયર ઓફીસરશ્રી કે. વી. ઘેલાનો સંપર્ક કરતા તેઓ દ્વારા એવુ જણાવેલ કે આ એક મોકડ્રીલ હતી.

કલોરીન ગેસ ઘણો જ ઝેરી વાયુ છે. ૧૦૦૦ પીપીએમ થી વધારે પ્રમાણ વાળા કલોરીન તીવ્ર ગંધ ધરાવે છે. તેની ગંધથી નાક તથા ગળામાં ચચરાટ થાય છે. પરંતુ કલોરીનનો ઉપયોગ યોગ્ય પ્રમાણમાં કરવાં આવે તો શ્રેષ્ટ સાબીત થાય છે. કલોરીન ગેસ લીકેજ કે તેમનો અયોગ્ય પ્રમાણમાં ઉપયોગ થાય તો તે ઘણો જ ઘાતક સાબીત થઈ શકે છે.

તેથી કલોરીન ગેસને યોગ્ય રીતે હેન્ડલીંગ કરવા મહાનગર- -પાલિકાના કર્મચારીઓમાં આ બાબતની જાણકારી મળે તથા સતર્કતા રહે તે હેતુથી આ મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.



## રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ મહિલા સશક્તિકરણની દિશામાં

### રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ખાસ અભિયાન

# શહેરી ગરીબ મહિલાઓ માટે સ્વ-સહાય જૂથની રચના દ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ લેવા સોનેરી તક

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ભૌતિક વિકાસની સામાજિક વિકાસ માટે ગરીબ વર્ગના બહેનોને આર્થિક રીતે સહાયભૂત થવાના ઉમદા આશય સાથે વિવિધ પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી રહી છે. પ્રોજેક્ટ શાખા દ્વારા ગતિશીલ ગુજરાત ફેઈઝ-ટુ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ અંતર્ગત શહેરની મહત્તમ મહિલાઓને સામેલ કરી સખી મંડળોની રચના થકી ખરા અર્થમાં સ્ત્રી સશક્તિકરણ માટેના પ્રયત્ન હાથ ધરવામાં આવી રહ્યા છે.

આ કાર્યક્રમ અંતર્ગત તા. ૨-૩-૨૦૧૬ થી તા. ૯-૩-૨૦૧૬ સુધી શહેરના ૨૧ સ્થળોએ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત સખી મંડળોની રચના કરવા માટે એક ખાસ ઝુંબેશ હાથ ધરાયેલ છે. આ કેમ્પમાં મહત્તમ બહેનો જોડવા અને તેઓને સરકારશ્રીની યોજનાઓનો શક્ય તેટલો વધુ લાભ મળે તે માટે કેમ્પનું આયોજન કરેલ છે.

સમગ્ર કેમ્પને સરળ બનાવવા મહાનગરપાલિકાની શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાન્ટ સમિતિના ચેરમેન શ્રી જાગૃતિબેન ઘાડીયાના માર્ગદર્શન હેઠળ આસી. મેનેજર શ્રીમતી કાશ્મીરાબેન વાઢેર, કોમ્યુનિટી ઓર્ગેનાઇઝરો તથા એન.યુ.એલ.એમ.ના મેનેજરશ્રીઓ જહેમત ઉઠાવી રહયા છે. આ યોજના વધુ ભાગ લેવા શીશુ કલ્યાણ અને ખાસ ગ્રાન્ટ સમિતિના ચેરમેનશ્રીએ અનુરોધ કરેલ છે.

### સ્વ-સહાય જૂથથી થતા ફાયદા :-

- સ્વ-સહાય જૂથના છ માસ પૂર્ણ થતા લાયકાત ધરાવતા મંડળોને તેમની બચત રકમ ધ્યાને લઇ નિયમોનુસાર ફરતું ભંડોળ પ્રોત્સાહિત કરવાના હેતુથી ચુકવવામાં આવે છે.
- સ્વ-સહાય જૂથના સભ્યો દ્વારા કરાયેલ બચત તથા સરકારશ્રી દ્વારા અપાયેલ ફરતા ભંડોળનો ઉપયોગ છે માસ બાદ પ્રસંગોપાત / મુશ્કેલીના સંજોગોમાં નજીવા વ્યાજ દરથી દરેક સભ્યો સરળતાથી મેળવી શકશે.
- સ્વ-સહાય જૂથના સભ્યોને સ્વઉપાર્જન માટે સયુંક્ત રીતે તથા વ્યક્તિગત રીતે ધંધો રોજગાર શરૂ કરવા ઈચ્છા ધરાવતા સભ્યોને નજીવા વ્યાજ દરે લોન પણ પ્રાપ્ત થઈ શકશે.
- સ્વ-સહાય જૂથના સભ્યોને તથા તેમના પરિવારને આરોગ્યની સેવાઓ, બેન્કની વિવિધ યોજનાઓ સાથે જોડાણ કરાવવું તેમજ સરકારશ્રીની વિવિધ યોજના--ઓના લાભ મળી રહેશે.
- સ્વ-સહાય જૂથના સભ્યોને પાયાનું અક્ષરજ્ઞાન મળી રહે તેમજ તેમના બાળકોને આંગણવાડી તથા પ્રાથમિક શિક્ષણ મળી રહેશે.
- સ્વ-સહાય જૂથના સભ્યો તથા તેમના પરિવારના સભ્યોને કોમ્પ્યુટર, એકાઉન્ટીંગ, સીવણકામ, બ્યુટી પાર્લર, સ્પોકન ઈંગ્લીશ, વગેરે જેવી કોર્ષની તાલીમ વિના મૂલ્યે મળી રહેશે.

### આ યોજનાઓનો લાભ કોણ લઈ શકે ?

- રાજકોટ મહાનગરપાલિકાનો બી.પી.એલ.નો દાખલો ધરાવનાર.
- મુખ્યમંત્રી અમૃતમય વાત્સલ્ય યોજના / મુખ્યમંત્રી અમૃતમય કાર્ડ ધરાવનાર.
- પુરવઠા વિભાગ દ્વારા બી.પી.એલ.નું રેશન કાર્ડ.
- આવાસ યોજનાના લાભાર્થી.

### જરૂરી પ્રમાણ પત્ર :-

- રેશન કાર્ડ ઝેરોક્ષ.
- આધાર કાર્ડ.
- ચુંટણી કાર્ડ.
- પાસપોર્ટ સાઈઝના ફોટા.

### સ્વ-સહાય જૂથ કેવી રીતે બનાવવા તેની જાણકારી :-

- સ્વ-સહાય જૂથનું આર્દશ કદ ૧૦ થી ૨૦ સભ્યોનું હોવું જોઈએ.
- સ્વ-સહાય જૂથની નોંધણી રાજકોટ મહાનગરપાલિકામાં કરાવવાની રહેશે.
- સ્વ-સહાય જૂથમાં ૧૮ થી ૭૦ વર્ષના મહિલાઓ જોડાય શકે છે.
- સ્વ-સહાય જૂથનું ખાતું નજીકની બેંકમાં યોજનાકીય કામગીરી સાથે સંલગ્ન સમાજ સંગઠન દ્વારા ખોલાવી આપવામાં આવશે.
- સ્વ-સહાય જૂથના દરેક સભ્યએ એક સખી અને નિયમિત રીતે બેંક ખાતામાં બચત જમા કરાવવાની રહેશે.

વધુ માહિતી માટે રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા, રૂમ નં. ૧૦ ત્રીજો માળ, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ ખાતે સંબંધિત કોમ્યુનિટી ઓર્ગે.નો સંપર્ક કરવો.

# ધન્વન્તરી આરોગ્ય રથનો પ્રારંભ




રાજય સરકાર દ્વારા ધન્વન્તરી આરોગ્ય રથનો પ્રારંભ કરાયો છે. જેમા રાજયમાં કુલ ૯ ગાડી લોંચ કરી છે. મકાન અને બાંધકામ વિભાગ દ્વારા ગુજરાત સરકારના સહયોગથી રાજકોટ ખાતે આરોગ્ય રથનો પ્રારંભ કરાયો છે. જેમા શ્રમજીવી મજુરોને દિવસની દાડી ન પડે અને નિઃશુલ્ક સારવાર મળી રહે તેવા હેતુથી ડોર ટુ ડોર આ રથ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી, સારવાર પુરી પાડશે.

આ ધન્વન્તરી આરોગ્ય રથનું સંચાલન જી.વી.કે.ઇ.એમ.આર.આઇ. ૧૦૮ દ્વારા થઇ રહયુ છે. જેમાં ડો. દેવેન્દ્ર બારડ (પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર) તરીકે કુશળ રીતે માર્ગદર્શન તેમજ સેવા પુરી પાડી રહયા છે.

આ ધન્વન્તરી આરોગ્ય રથમાં તબીબી સેવા તરીકે તાવ, ઝાડા-ઉલ્ટીની સારવાર, ચામડીના રોગોની સારવાર, સામાન્ય રોગોની સારવાર, નાની ઈજા થઇ હોય તેમને ડ્રેસીંગ વિગેરેની સારવાર, રેફરલ સેવા, નાના બાળકોની સારવાર, સર્ગભા માતાની પ્રાથમિક સારવાર, તથા લેબોરેટરી સેવાઓ જેવી કે, હિમોગ્લોબીન તપાસ, મેલેરીયાની તપાસ, પેશાબની તપાસ, લોહીમાં સુગરની તપાસ, પ્રેગનેન્સી ટેસ્ટ જેવી તબીબી સેવાઓની સાથોસાથ આ સાથે ડોકટરની સલાહ મુજબની જરૂરી દવાઓ તદન મફત આપવામાં આવે છે.

રાજકોટના મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય તથા હાઉસિંગ ઇમ્પ્રુવમેન્ટ અને કલીયરન્સ સમિતિના ચેરમેન શ્રીમતી કિરણબેન આર. સોરઠીયાએ તા.૦૨-૦૪-૨૦૧૬ના રોજ આ ધન્વન્તરી રથની મુલાકાત લીધેલ હતી. આ ધન્વન્તરી આરોગ્ય રથમાં અત્યાર સુધીમાં કુલ ૪૧૮૮ દર્દીઓ લાભ લઇ ચુકયા છે. જેમાંથી ૪૨૫ જેટલી લેબોરેટરીની તપાસ કરેલ છે. આ ધન્વન્તરી આરોગ્ય રથમાં ડોકટર તરીકે ફરજ બજાવતા ડો. બાદલભાઇ બારોટ તથા ડો. જયેશભાઇ શીંગાળા, લેબ ટેકનિશ્યન તરીકે ચિંતનભાઇ કામાણી, ફાર્માસિસ્ટ તરીકે રાજેશભાઇ ભાસ્કર તથા પેરામેડીક તરીકે ધીરૂભાઇ ભરવાડ અને ડ્રાઈવર તરીકે ગોપાલસિંહ ચૌહાણ ફરજ બજાવી રહયા છે.















## હોળી-ધુળેટી પર્વ અંતર્ગત

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

# હિન્દી હાસ્ય કવિ સંમેલન

રાજકોટ જનતા એ ઉત્સવપ્રેમી જનતા છે ત્યારે સમયાંતરે આવતા વિવિધ પર્વની શહેરીજનો સૌ સાથે મળી .જવણી કરે છે ત્યારે આ ઉજવણીને ઉત્સવ તરીક મનાવવા અને લોકોને પુરતા પ્રમાણમાં મનોરંજન પ્રાપ્ત થાય તેવા આશયથી રાજકોટ મહાનગર--પાલિકા દ્વારા વિવિધ તહેવારોની ઉજવણી ભવ્યાતીભવ્ય રીતે થાય છે ત્યારે દર વર્ષે પણ કોર્પોરેશન દ્વારા હોળી અને ધુળેટી પર્વ ઉજવણી અંતર્ગત શહેરના રેસકોર્ષ કવિ શ્રી રમેશ પારેખ રંગ દર્શન ખાતે રંગો કી મહેફીલ શિર્ષક હેઠળ હિન્દી હાસ્ય કવિ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું ઉદઘાટન ગુજરાત મ્યુ. ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરીના હસ્તે અને રાજકોટ શહેર મેયર ડો. જેમનભાઇ ઉપાધ્યાની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટય કરી કરવામાં આવ્યો હતો. આ તકે શહેર ભાજપ પ્રમુખ શ્રી ભીખાભાઇ વસોયા, પૂર્વ મેયરશ્રી જનકભાઇ કોટક, ડે. મેયરશ્રી દર્શિતાબેન શહ, કમલેશભાઇ મિરાણી, વિક્રમ વાલ્વ પ્રા. લી.ના મેનેજીંગ ડિરેકટરશ્રી આર. કે. જૈન, બંસલ પેટ્રોલિયમના દામોદરજી બંસલ, સાશક પક્ષ નેતા શ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા સહિતના ઉપસ્થિત રહયા હતા. તેમજ મહેમાનોનું શબ્દોથી સ્વાગત સ્ટે. કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલે કર્યુ હતું. તેમજ સંચાલન અને આભારવિધિ સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી જયમીનભાઇ ઠાકરે કરી હતી, તેમજ ઉપસ્થિત મહેમાનોનું બુકે દ્વારા સ્વાગત સમાજ કલ્યાણ સમિતિના સભ્ય શ્રી અશ્વિનભાઇ મોલીયા, દુર્ગાબા જાડેજા તથા અંજનાબેન મોરઝરીયા એ કર્યુ હતું. અને હિન્દી કવિઓનું સ્વાગત શાસકપક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણીએ કર્યુ હતું. તેમજ આ કાર્યક્રમને માણવા આવેલ શ્રોતાઓં રંગથી તિલક મહિલા કોર્પોરેટરો દ્વારા કરી આવકારવામાં આવ્યા હતા.

આ તકે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઇ ભંડેરીએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની પંચ નિષ્ઠામાંની એક નિષ્ઠા એટલે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને લક્ષમાં રાખી દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગતિશીલ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી આંનદીબેન પટેલના નેતૃત્વમાં રાષ્ટ્રીય તહેવારો ઉપરાંત લોકવાયકા મુજબના તહેવારોની પણ ઉજવણીમાં લોકો કોઇને કોઇ માધ્યમથી જોડાય તે માટે કોર્પોરેશન દ્વારા આવા સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ત્યારે ખાસ કરી હોળી અને ધુળેટી પર્વ અંતર્ગત શહેરીજનોને શુભેચ્છા પાઠવતા શ્રી ધનસુખભાઇ ભંડેરીએ જણાવ્યું હતું કે, આ તહેવારોમાં લોકો પોતાના અહમને ઓગાળી ધુળેટીના દિવસે સપ્તરંગ પોતાના જીવનનમાં ઉતારે અને રાષ્ટ્રવાદના રંગે રંગાવાનું આ પર્વ છે.

આ તકે શહેરના મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાના ભાજપ શાસકો દ્વારા છેવાડાના માવી સુધીને પુરતા પ્રમાણમાં પ્રાથમિક સુવિધાઓ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે પરંતુ વર્તમાન સમયમાં લોકોને મંનોરંજન મળી રહે અને તહેવારોને મન ભરીને માણે તે માટે કોર્પોરેશન દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે ખરા અર્થમાં રાજકોટ સ્માર્ટ સિટીની સાથોસાથ સાંસ્કૃતિક નગરી તરીકે પણ પ્રસ્થાપિત થશે.

આ હિન્દી હાસ્ય કવિ સંમેલનમાં દેશના ખ્યાતનામ કવિઓ સુરેન્દ્રસુકુમાર (અલીગઢ), શશીકાંત યાદવ (દેવાસ), પંડિત અશોકનગર (ઇન્દોર), સુશ્રી ગૌરી મિશ્રા (નૈનીતાલ), દિનેશ દેસીઘી (સાજાપુર), મુન્ના બેટરી (મંદસોર), કવિ અજાતશત્રુ સહિતના હાસ્ય કલાકારો દ્વારા વ્યંગ હાસ્યની રમઝટ મોડી રાત સુધી બોલાવી હતી અને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને માણ્યો હતો. આ તકે કોર્પોરિટર સર્વશ્રીઓ મીનાબેન પારેખ, અશ્વિનભાઇ મોલીયા, મુકેશભાઇ રાદડીયા, દેવુબેન જાદવ, દલસુખભાઇ જાગાણી, પ્રીતીબેન પનારા, રૂપાબેન શીલુ, હીરલબેન મહેતા, શીલ્પાબેન જાવીયા, અશ્વિનભાઇ ભોરણીયા, જાગૃતીબેનઘાડીયા,જયોત્સનાબેન ટીલાળા, વર્ષાબેન રાણપરા, અનીતાબેન ગોસ્વામી, શહેર ભાજપ કાર્યાલય મંત્રી અનિલભાઇ પારેખ, કોર્પોરેશનના ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઇ જોષી સહિતના ઉપસ્થિત રહયા હતા.







# મલ્ટી એકટીવીટી સેન્ટર (ફોર વીમેન) તથા સિટી સર્વેલન્સ તેમજ સિટી બસ, બીઆરટીએસ બસ સેવાના કંટ્રોલ રૂમનું લોકાર્પણ

**રાજયના વાહન વ્યવહાર, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર વિભાગના માન. મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા લોકાર્પણ કરાયુ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા. ૦૫-૦૩-૨૦૧૬ના રોજ વોર્ડ નં. ૦૮માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂા. ૨.૮૬ કરોડના ખર્ચ નવનિર્માણ પામે મલ્ટી એકટીવીટી સેન્ટર (ફોર વીમેન) તથા રૂા. ૨.૩૫ કરોડના ખર્ચે સિટી સર્વેલન્સ તેમજ સિટી બસ, બી.આર.ટી.એસ. બસ સેવાના કંટ્રોલ રૂમનું લોકાર્પણ ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ તથા રાજયના વાહન વ્યવહાર, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર વિભાગના માનં મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા કરવામાં આવેલ, આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે રાજયના ઉર્જા મંત્રી શ્રી ગોવિંદભાઇ પટેલ, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઇ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી ભીખાભાઇ વસોયા, પૂર્વ મેયરશ્રી સંધ્યાબેન વ્યાસ, શ્રી રક્ષાબેન બોળિયા, સ્ટે. કમિટી પૂર્વ ચેરમેન શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, ડે. મેયરશ્રી દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઇ મીરાણી, શ્રી કશ્યપભાઇ શુકલ, શ્રી વલ્લભભાઇ દુધાત્રા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રી અંજલીબેન રૂપાણી, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડક શ્રી રાજુભાઇ અઘેરા, ડે. કમિશનર શ્રી હાલાણી, શ્રી નંદાણી, પૂર્વ કોર્પોરેટરશ્રીઓ રાજુભાઇ બોરીચા, અશ્વિનભાઇ પાંભર, વિજયાબેન વાછાણી, જાગૃતિબેન ઘાડિયા, બાબુભાઇ આહિર, મનિષભાઇ રાડીયા, અશીશભાઇ વાગડિયા, બીનાબેન આચાર્ય, રૂપાબેન શીલુ, વર્ષાબેન રાણપરા, જયાબેન ડાંગર, પ્રીતીબેન પનારા, કિરણબેન સોરઠીયા, દેવુબેન જાદવ, મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી દિપાબેન ચિકાણી, ભાજપ અગ્રણીશ્રીઓ નીતિનભાઇ ભુત, પ્રવીણભાઇ પાઘડાર, રઘુભાઇ ધોળકીયા, નીરજભાઇ પટેલ, સંજયભાઇ બોરીચા તેમજ બહોળી સંખ્યામાં બહેનો અને ભાઇઓ ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને કેબીનેટ મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવેલ હતું કે, રાજકોટના હૃદયસમાં અને મોંઘામાં મોઘા રોડ પર મહિલાઓ માટે મલ્ટી એકટીવીટી સેન્ટર બનાવવા બદલ રાજય સરકાર તથા ભાજપ વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ એકટીવીટી સેન્ટરમાં મહિલાઓ માટે વિવિધ પ્રવૃતિઓ જેવી કે, લાયબ્રેરી, જીમ, ટ્રેનીંગ સેન્ટર, હેલ્દી ફુડ ઝોન, યોગા સેન્ટર વિગેરે અનેક પ્રવૃતિઓ માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. ગુજરાતમાં ભાજપની સરકાર મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ છે ત્યારે બહેનો માટે મોસાળમાં જમણ અને માં પીરસનાર જેમ છે. તાજેતરમાં જ બહેનો માટે જુદા જુદા કેન્સર માટે ફ્રી સારવારની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં દેશનું પ્રથમ રાજય ગુજરાતે ૫૦% મહિલા અનામતનો અમલ કરેલ છે. તેમજ બહેનોની સુરક્ષા માટે ૧૮૧ હેલ્પ લાઇન પણ શરૂ કરેલ છે. વિશેષમાં વિજયભાઇ રૂપાણીએ જણાવેલ કે, આ મહિલા એકટીવીટી કેન્દ્ર મહિલાઓ માટે ચેતનવંતુ અને આત્મવિશ્વાસનું કેન્દ્ર બને તેવી આશા વ્યકત કરેલ હતી. આ ઉપરાંત બી.આર.ટી.એસ. રોડ પર સી.સી. ટીવી કેમેરા લગાવી સિટી બસ અને બી.આર.ટી.એસ. બસ સર્વિસ કંટ્રોલરૂમથી બસ કયા ચાલે છે તેની તમામ માહિતી ઉપલબ્ધ થશે. આ મહિલા એકટીવીટી કેન્દ્ર બનાવવા પૂર્વ મેયરશ્રી સંધ્યાબેન વ્યાસએ રજૂઆત કરેલ અને તેમના મેયર તરીકેના સમયગાળામાં ખાત મુહૂર્ત કરવામાં આવેલ ત્યારબાદ પૂર્વ મેયરશ્રી રક્ષાબેન બોળીયાના સમયમાં કામગીરી ચાલુ હતી અને આજે ડે. મેયરશ્રી દર્શિતાબેન શાહના સમયમાં પૂર્ણ થઇને લોકાર્પણ કરવામાં આવેલ છે. તેમ અંતમાં જણાવેલ.

આ અવસરે રાજયના ઉર્જા મંત્રી શ્રી ગોવિંદભાઇ પટેલે મહિલા એકટીવીટી કેન્દ્ર અને વિજ્ઞાન એન ટેકનોલોજીનો ઉપયોગ કરી, સિટી બસ સેવાના કંટ્રોલરૂમ બનાવેલ છે તે બદલ રાજય સરકાર વતી અભિનંદન પાઠવેલ અને જણાવેલ કે, રાજકોટ શહેર સ્માર્ટ સિટી તરફ આગળ વધી રહેલ છે. તાજેતરમાં રાજકોટ શહેરની સ્વચ્છતા અંતર્ગત એવોર્ડ મળેલ છે.

આ પ્રસંગે મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાયએ જણાવેલ કે, રાજયની બહેનોની વધુમાં વધુ ચિંતા કરતા મા. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મહિલા સશકિતકરણ માટે તનતોડ મહેનત કરે છે. તેમાં રાજકોટ મહાનગર પણ કદમ મિલાવી આજ રોજ રૂા. ૨.૯૯ કરોડના ખર્ચે મહિલાઓ માટેનું મલ્ટી એકટીવીટી સેન્ટરનું લોકાર્પણ કરેલ છે. મહિલાઓ માટેના સેન્ટરને રાજમાતા વિજયારાજે સિંધીયા વિવિધલક્ષી મહિલા કેન્દ્રમાં નામકરણની જાહેરાત કરી મહિલાઓને ગૌરવ અપાવેલ છે. આ કેન્દ્રમાં વિવિધ પ્રવૃતિ માટે અનેક સુવિધા ઉભી કરેલ છે. તો બહેનો કેન્દ્રનો ભરપુર ઉપયોગ કરે તેવી અપીલ કરેલ. આ ઉપરાંત ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે માશ ટ્રાન્સપોર્ટનો વધુ ઉપયોગ થાય તે માટે મહાનગર- -પાલિકાની મરજિયાત સેવા હોવા છતાં સિટી બસ તથા બી.આર.ટી.એસ. બસ સેવાનો પ્રારંભ કરેલ છે. અને હાલમાં ૧૧૦ સિટી બસ ચાલી રહેલ છે. આ બસ સેવા વ્યવસ્થિત ચાલે અને આધુનિક બનાવવા માટે બી.આર.ટી.એસ. રુટ પર ૧૧૨ કેમેરા (નાઇટ વિઝન અને હાઇ રીઝોલ્યુશન સાથે) લગાવવામાં આવેલ છે. સિટી બસ તથા બી.આર.ટી.એસ. બસનું જીપીએસ સીસ્ટમ મારફત ઓનલાઇન મોનીટરીંગ માટે રૂા. ૨.૨૨ કરોડના ખર્ચે કંટ્રોલરૂમ શરૂ કરેલ છે. આ કંટ્રોલરૂમથી બસની શહેરમાં દોડતી તમામ બસો પર મોનીટરીંગ થઇ શકશે.

આ પ્રસંગે સ્ટે. કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલે શાબ્દિક સ્વાગત પ્રવચન કરેલ જયારે ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી જયમીનભાઇ ઠાકર તથા હાઉસિંગ કમિટી ચેરમેન શ્રીમતી કિરણબે સોરઠીયાએ બાલભોગ અર્પણ કરી સ્વાગત કરેલ. કાર્યક્રમના અંતમાં આભારવિધી બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડીયાએ કરેલ. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. મેહુલ દવેએ કરેલ.



## પ્રોજેક્ટનું નામ : મલ્ટી એક્ટીવીટી સેન્ટર (ફોર વિમેન)

**– સ્થળ : ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાના મવા ચોકડી પાસે**
**– થયેલ ખર્ચની રકમ :– ૨,૯૯,૭૪,૩૭૨/–**
**– પ્રોજેક્ટની ટુંકી માહિતી :–**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સરકારશ્રીની (સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના) હેઠળ મલ્ટી એક્ટિવિટી સેન્ટર (ફોર વિમેન) બનાવવામાં આવેલ છે. ભારત સરકાર તથા રાજય સરકારશ્રીની મહિલા સશક્તિકરણ પોલિસી અંતર્ગત રાજકોટ શહેરમાં પણ મહિલાઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રાજકોટ શહેરમાં ફકત મહિલાઓ માટેની વિવિધ એક્ટિવિટીઓ એક જ સ્થળ પર થઇ શકે તે માટે નાના મવા સર્કલ ખાતે મલ્ટી એક્ટિવિટી સેન્ટર (ફોર વિમેન) તૈયાર કરવામાં આવેલ છે. સદરહું મલ્ટી એક્ટિવિટી સેન્ટરમાં મહિલાઓ માટે વિવિધ પ્રવૃતિઓ થઇ શકે તે માટે જુદા જુદા હોલ તથા ઓફીસનું બાંધકામ કરવામં આવેલ છે.

સદરહું મલ્ટી એક્ટિવિટી સેન્ટરમાં જુદી જુદી પ્રવૃતિઓ માટે નીચેની વિગતે સગવડતાઓ ઉભી કરવામાં આવેલ છે.

### (૧) ગ્રાઉન્ડ ફલોર :–
- બેકિંગ હોલ : ૫૦’×૩૦’=૧૫૦૦ ચો. ફુટ
- લાઈબ્રેરી (મહિલાઓ માટે) : ૩૮’×૨૦’=૭૬૦ ચો. ફુટ
- હેલ્થી ફુડ ઝોન (મહિલાઓ માટે) : ૩૬’×૨૦’=૭૨૦ ચો. ફુટ

### (૨) ફર્સ્ટ ફલોર :
- સેલ્ફ હેલ્પ ગૃપ માટે ટ્રેનિંગ સેન્ટર : ૭૫’×૪૫’=૩૩૭૫ ચો. ફુટ
- નેશનલ અર્બન લાઈવલી હુડ મીશન માટે : ૫૦’×૩૦’=૧૫૦૦ ચો. ફુટ

### (૩) સેકન્ડ ફલોર :–
- સાંસ્કૃતિક વિભાગ દ્વારા જીમ્નેશીયમ (મહિલાઓ માટે) : ૭૫’×૪૫’=૩૩૭૫ ચો. ફુટ
- સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોગા સેન્ટર (મહિલાઓ માટે) : ૫૦’×૩૦’=૧૫૦૦ ચો. ફુટ

### (૪) થર્ડ ફલોર :–
- બી.આર.ટી.એસ. કોરીડોર પર લગાવવામાં આવેલ કુલ ૧૧૨ સીસીટીવી કેમેરાઓનું લાઇવ મોનીટરીંગ તથા બસ સેવા અન્વયે જીપીએસ સીસ્ટમ મારફત તેનુ ઓન લાઇન મોનીટરીંગ કરવા માટેનો સેન્ટ્રલ કંટ્રોલ રૂમ.



## પ્રોજેક્ટનું નામ : સિટી સર્વેલન્સ તેમજ સિટી બસ, બીઆરટીએસ બસ સેવાના કંટ્રોલ રૂમ

**– મંજુર થયેલી ખર્ચની રકમ : ૨,૨૨,૨૪,૬૪૨/–**
**– પ્રોજેક્ટની ટુંકી માહિતી :–**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગોંડલ ચોકડી થી માધાપર ચોકડી સુધીના ૧૫૦ ફૂટ રીંગ રો પર સીસીટીવી કેમેરા દ્વારા ટ્રાફિક નિયમન તથા સિટી સર્વેલન્સની કામગીરી માટે પાઇલોટ પ્રોજેક્ટ હાથ ઘરવામાં આવેલ છે. જે અન્વયે કુલ ૧૧૨ કેમેરા (નાઇટ વિઝન અને હાઇ રીઝોલ્યુસન સાથે) લગાવવામાં આવેલ છે. આ કેમેરા દ્વારા ૧૦.૭ કીમી લાંબા બીઆરટીએસના રૂટ પર આવેલ જુદાજુદા ૧૮ બસ શેલ્ટર્સ તેમજ આ રૂટ પર આવેલ તમામ ટ્રાફિક સર્કલ/જંકશનો ને આવરી લેવામાં આવેલ છે. બીઆરટીએસ બસ સેવાના મુસાફરોની સુરક્ષા હેતુ દરેક બસ શેલ્ટર્સ પર કેશ કાઉન્ટર, શેલ્ટરની એન્ટ્રી તથા પાછળના ભાગ પર કેમેરા લગાવવામાં આવેલ છે જયારે ટ્રાફિક નિયમન હેતુ આ રૂટ પર આવતા તમામ ટ્રાફિક સર્કલ/જંકશન પર વધારાના બે-બે કેમેરા લગાવવામાં આવેલ છે. આ તમામ કેમેરાઓને ટુ વે રીંગ સીસ્ટમથી ફાઇબર ઓપ્ટીક કેબલથી કનેકટ કરવામાં આવેલ છે. જેથી કોઇપણ એક તરફથી કેબલ ફોલ્ટ થાય તો પણ આ કેમેરાનું રેકોર્ડિંગ બંધ થાય નહી અને અન્ય પેરેલલ કેબલ દ્વારા ચાલુ રહી શકે. આ તમામ કેમેરાઓનું મોનીટરીંગ કરવા માટે નાના મૌવા સર્કલ ખાતે મલ્ટી એકટીવીટી સેન્ટર ખાતે ખાસ કંટ્રોલ સેન્ટર રાજકોટ પોલીસ વિભાગ સાથે સંયુકત રીતે કાર્યરત થનાર છે. આ કંટ્રોલ સેન્ટરમાં ખાસ ૧૧ ફુટ × ૬ ફુટ ની વીડીયોવોલ લગાવવામાં આવેલ છે, જે ભવિષ્યની જરૂરીયાતને ધ્યાને રાખી ૩૩ ફુટ × ૮ ફુટ સુધી વધારી શકાશે. જેના પર આ તમામ કેમેરાઓને લાઇવ જોઇ શકાય તેમજ આ તમામ કેમેરાઓને ખાસ સર્વર સાથે કનેકટ કરવામાં આવેલ છે. જેના પર આ તમામ કેમેરાઓનું રેકોર્ડિંગ સ્ટોર કરવામાં આવશે તેમજ જરૂરીયાત જણાયે આ રેકોર્ડિંગને ઉપયોગમાં લઇ શકાય તે માટે ખાસ એનાલીસીસ માટે જરૂરી વી.એમ.એસ. સોફ્ટવેર પણ ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે. હાલ આ તમામ કેમેરાઓનું ટ્રાયલ રન ચાલં છે. વિશેષમાં સદરહુ બિલ્ડીંગનો મેન્ટેનન્સ ખર્ચનું આર્થિક ભારણ રાજકોટ મહાનગરપાલિકા પર ન આવે તે હેતુથી બિલ્ડીંગનાં ગ્રાઉન્ડ ફલોર પર બેન્કિંગ હોલ બનાવવામાં આવેલ છે. જે લીઝ પર આપી આવક ઉભી કરવામાં આવનાર છે. સદર બિલ્ડીંગનાં તમામ ફર્નિચરની ડિઝાઇન રાજકોટ મનપાનાં સંબંધિત એન્જીનિયરીંગ દ્વારા ઇન હાઉસ તૈયાર કરાયેલ છે.



## પ્રોજેક્ટનું નામ : સિટી બસ તથા બીઆરટીએસ બસનું જીપીએસ સીસ્ટમ મારફત ઓન લાઇન મોનિટરીંગ

**– મંજુર થયેલ ખર્ચની રકમ : ૨૩,૦૩,૪૦૦/–**

વધુમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત તમામ સીટી બસ તથા બીઆરટીએસ બસ સેવાની બસોના સુચારૂ નિયંત્રણ માટે હાલમાં આ તમામ ૧૧૦ બસોમાં જીપીએસ સીસ્ટમ પ્રોકયોર, ઇન્સ્ટોલ એન્ઠ મેઇન્ટેઇન ધોરણે પાંચ વર્ષ માટે કરાર કરી કામગીરી સોંપવામાં આવેલ છે આ તમામ બસો તેના નિયત કરેલ રૂટ અને સમય મુજબ ચાલે છે કે નહિ તેનું મોનીટરીંગ મલ્ટી એકટીવીટી સેન્ટરમાં ચાલુ કરવામાં આવનાર કંટ્રોલ સેન્ટર ખાતેથી કરવામાં આવશે. આ ઉપરાંત આ તમામ બસો દૈનિક કેટલા કીમી ચાલે છે, તેના નિયત કરેલ બસ સ્ટોપ પર ઉભી રહે છે કે નહી, અનઅધિકૃત જગ્યાએ ઉભી રહે, તેના નિયત રૂટથી બહાર ચાલે વિગેરે વિશેની માહિતી આપતા રીપોર્ટ પણ તેના સોફ્ટવેર મારફત ઉપલબ્ધ થશે.